# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૬ તા.૦૭-૦૩-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ધોરણ ૩ થી ૮ દ્વિતીય સત્રાંત પરીક્ષા અને સમાન સમયપત્રક બાબત.**

**સંદર્ભ:- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૩/૬૫૬૨-૬૬૬૭ તા.૦૭-૦૩-૨૦૨૩**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તમામ માધ્યમની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે દ્વિતીય સત્રાંત પરીક્ષા તા.૦૩-૦૪-૨૦૨૩ થી તા.૨૧-૦૪-૨૦૨૩ દરમ્યાન આ સાથે સામેલ સંદર્ભિત પત્રના પરિશિષ્ટ-અ મુજબ યોજવામાં આવશે. જે માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્રના સૂચનોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

- ધો.૪ અંગ્રેજી દ્વિતીય ભાષા માટે સમગ્ર વર્ષનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે.
- ધો.૩ થી ૮ની દ્વિતીય સત્રાંત પરીક્ષા માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજયકક્ષાએ તૈયાર કરી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમદાવાદ શહેર દ્વારા પ્રશ્નપત્રો તૈયાર કરેલ છે.
- તા.૦૩-૦૪-૨૦૨૩ થી દ્વિતીય સત્રાંત કસોટી શરૂ થતી હોઈ તા.૦૧-૦૪-૨૦૨૩નું સામાયિક મૂલ્યાંકન યોજવામાં આવશે નહીં.
- ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ધો. ૫ અને ૮ ના બાળકોને પરીક્ષાના અંતે ઉપલા ધોરણમાં લઈ જવા માટે પરિપત્ર નં.૧૨૨-A તા.૦૩-૦૩-૨૦૨૩ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જેનું શાળાએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
- ધો.૩ થી ૮ તમામ માધ્યમમાં સેમિસ્ટર મુજબ નવા પાઠ્યપુસ્તકો અમલમાં હોઈ દ્વિતીય સત્રના અભ્યાસક્રમ મુજબ તમામ પ્રકરણ આવરી લેવામાં આવેલ છે. સ્કૂલ બોર્ડ તરફથી છાપેલા પ્રશ્નપત્ર આપવામાં આવશે. પરિપત્ર નં.૫૪ તા.૮-૯-૧૧ મુજબ ધો.૧ અને ધો.૨ માટે સત્રાંત પરીક્ષા લેવાની રહેતી નથી. ધો.૧ અને ધો.૨માં સતત મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં હોઈ તે અનુસાર મૂલ્યાંકન અને નોંધની પ્રક્રિયા ચાલુ રાખવાની રહેશે.
- ધો.૩ થી ૫ના પ્રશ્નપત્રો ૪૦ ગુણના અને ધો.૬ થી ૮ના તમામ માધ્યમનાં પ્રશ્નપત્રો ૮૦ ગુણના રહેશે. જેમાં બહુવિકલ્પ ટૂંકા પ્રશ્નો તથા નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે.
- શાળામાં કોઈપણ વિદ્યાર્થી ગેરહાજર ન રહે તે માટે વાલીશ્રીનો સંપર્ક કરી વિદ્યાર્થીની ૧૦૦% હાજરી રહે તે માટે શાળાઓએ પ્રયત્ન કરવા.
- ગણિત વિષયની પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ કંપાસ બોક્ષ સાથે લઈને આવે તેવી સૂચના આપવાની રહેશે.
- ધો. ૫ થી ૮ના તમામ માધ્યમમાં જવાબ લખવા માટે અલગ જવાબવહીઓ સ્કૂલ બોર્ડ દ્વારા આપવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓએ પેનથી જ જવાબ લખવાના રહેશે(પેન્સિલથી નહિ) વિદ્યાર્થીઓએ જવાબવહી બહારથી ખરીદીને લાવવાની રહેતી નથી. તે અંગેની સૂચના વિદ્યાર્થીઓને પ્રથમથી જ આપવી.
- ધો.૩ અને ૪ તમામ વિષયોના પ્રશ્નપત્રમાં જવાબ માટે જગ્યા રાખવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓને અલગથી જવાબવહીઓ આપવાની રહેતી નથી. તે અંગે તથા પ્રશ્નપત્રમાં જ જવાબ લખવાની સૂચના વિદ્યાર્થીઓને અચૂક આપવી.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

- **સામાજિક વિજ્ઞાનની** પરીક્ષા વખતે ઉત્તરવહીની સાથે ધો.૬ અને ૮માં **ભારતનો રાજકીય નકશો** અને **ગણિત વિષયમાં** ધો.૬ માં **આલેખપત્ર સ્કૂલ બોર્ડ દ્વારા પ્રશ્નપત્રની સાથે** જ ઉપલબ્ધ કરાવેલ છે.
- પરીક્ષાના કાર્યક્રમ, સમયપાલન અને પૂરતી તૈયારી અંગેની સૂચના વિદ્યાર્થીઓને આપવી. શાળા ઑફિસની બહાર બ્લેક બોર્ડ પર મોટા અક્ષરે વાંચી શકાય તે રીતે પરીક્ષાનો કાર્યક્રમ દર્શાવવો.
- બેઠક વ્યવસ્થાનો ચાર્ટ બીટ સુપરવાઈઝર પાસે મંજૂર કરાવી દરેક ઓરડામાં કયા ધોરણના અને કયા નંબરના વિદ્યાર્થીઓ બેસવાના છે તેની નોંધ જે તે ઓરડાના કા.પા. પર કરવી તેમજ જે તે ઓરડાના બારણા પર પણ દર્શાવવી.
- પરીક્ષા સમય પહેલાં કાર્યક્રમ પ્રમાણે જે તે વિષયના પ્રશ્નપત્રો મળેલ છે તે મુખ્ય શિક્ષકશ્રીએ ચેક કરી લેવું. મુદ્રણદોષવાળા કે કોરા પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓને અપાય નહિ તે પ્રશ્નપત્ર વિતરણ સમયે ખાસ જોઈ લેવું.
- **શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળાનો સમય ગમે તે હોય તો પણ પરીક્ષા આ સાથે સામેલ સંદર્ભિત પત્રના પરિશિષ્ટ-અ પ્રમાણે જ લેવી અને જે તે ધોરણના વિદ્યાર્થીઓને તે પ્રમાણે પરીક્ષા માટે બોલાવવા તેમજ વિદ્યાર્થીના વાલી તેમજ એસ.એમ.સી.ના સભ્યોને સમયપત્રકની જાણ કરવાની રહેશે.**
- પરીક્ષાખંડમાં જે-તે ધોરણના વિદ્યાર્થીઓ પાસ પાસે ન આવે તે રીતે બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે એટલે કે એક જ ધોરણના વિદ્યાર્થીઓને એક બ્લોકમાં ગોઠવવા નહીં.
- **પ્રશ્નપત્રોના કસ્ટોડીયન તરીકે દરેક મુખ્ય શિક્ષકશ્રીએ અત્યંત કાળજી લેવી કે જેથી જે-તે દિવસે અને સમયે જે-તે ધોરણ અને વિષયનું જ પ્રશ્નપત્રનું પેકેટ ખોલવાનું રહેશે.**
- ખાસ તાકીદ કરીને જણાવવામાં આવે છે કે દ્વિતીય સત્રાંત પરીક્ષા-૨૦૨૩ના પરીક્ષાના સમયપત્રક અનુસાર જ પ્રશ્નપત્રો ધોરણ અને વિષયવાર(માધ્યમ મુજબ) સદરહુ પ્રશ્નપત્ર મુખ્ય શિક્ષકે બે શિક્ષકમિત્રોની હાજરીમાં ખોલવાના રહેશે. તે બાબતની સાબિતીરૂપેના દસ્તાવેજ માટે ડોક્યુમેન્ટ્રી ઉતારવાની રહેશે. આમ કરવામાં ચૂક કરનાર જે-તે મુખ્ય શિક્ષક સામે પરીક્ષાની ગોપનિયતા ભંગ બદલ સેવા શિસ્તના કડકમાં કડક પગલાં લેવામાં આવશે.

આ પરિણામની ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. તે માટેનો કાર્યક્રમ અને તેની વિગતવાર સૂચનાઓ સમગ્ર શિક્ષા અભિયાન મારફતે અલગથી આપવામાં આવશે. જેનું ચુસ્તપણે પાલન કરી સમયમર્યાદામાં ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૭-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક : જીસીઈઆરટી/ સીએન્ડઈ/ 2023/ ૬૫૬૨ - ૬૬૬૭
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 06/ 03/ 2023

0 7 MAR 2023

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ ધોરણ ૩ થી ૮ દ્વિતીય સત્રાંત પરીક્ષા અને સમાન સમયપત્રક અંગે તાબા હેઠળની પ્રાથમિક શાળાઓને જાણ કરવા બાબત...

સંદર્ભઃ (૧) જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૨-૨૩/૨૫૧૫૦-૨૭૫ તા. ૦૯/૦૯/૨૦૨૨

(૨) શિક્ષણવિભાગ પરિપત્ર ક્રમાંકઃ પીઆરઈ/૧૧૨૦૨૩/સીં.ફા-૦૧/ક તા.૨૩/૦૨/૨૦૨૩

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ દ્વિતીય સત્રાંત પરીક્ષા તા.૦૩/૦૪/૨૦૨૩ થી ૨૧/૦૪/૨૦૨૩ દરમિયાન યોજવાની રહેશે. સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રક આ સાથે (પરિશિષ્ટ - અ) સામેલ છે. આ માટે નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે અને તે મુજબ સંબંધિત જિલ્લા/કોર્પોરેશન/નગરપાલિકા શિક્ષણ સમિતિઓ દ્વારા કામગીરી થાય તે સુનિશ્ચિત કરવાની રહેશે.

1) ધોરણ ૩ થી ૮ની દ્વિતીય સત્રાંત કસોટીઓ માટે પ્રથમ સત્રની જેમ ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજ્યકક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને આપવામાં આવેલ છે. આ નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા પ્રશ્નપત્રો તૈયાર કરવામાં આવશે.
2) સદર કસોટીમાં ધોરણ ૩ થી ૮ના તમામ વિષયોમાં જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમની માસવાર ફાળવણી અનુસાર દ્વિતીય સત્રનો નવેમ્બર ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે. ધોરણ-૪ અંગ્રેજી દ્વિતીયભાષા માટે સમગ્ર વર્ષનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે.
3) ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયની કસોટીઓ માટે સમાન સમયપત્રકના આધારે નિયત પરિરૂપના આધારે કસોટીપત્રો તૈયાર કરવાના રહેશે. તેમજ બાકીના વિષયોની કસોટી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ સ્વૈચ્છિક રીતે પોતાની શાળા

કક્ષાએ તૈયાર કરેલ સમયપત્રકના આધારે નિયત પરિરૂપ ધ્યાને લઈ કસોટી યોજવાની રહેશે. ગ્રાન્ટેડ શાળાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને પ્રશ્નપત્રો માટે નિયત રકમ ચૂકવવાની રહેશે.

4) સ્વનિર્ભર શાળાઓ ઈચ્છે તો તમામ પ્રશ્નપત્રો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી પાસેથી મેળવીને પોતાની શાળામાં ઉપયોગ કરી શકશે. આ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને નિયત કરેલ રકમ જે તે સ્વનિર્ભર સંસ્થાએ ચૂકવવાની રહેશે.

5) સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોની સમાન કસોટીઓ સમાન સમયપત્રકના આધારે અમલી કરવાની રહેશે.

6) જે શાળામાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં પણ તમામ ધોરણની તમામ વિષયની પરીક્ષા આપેલ સમયપત્રક મુજબ જ યોજવાની રહેશે.

7) પરીક્ષા સમયપત્રકમાં દર્શાવેલ તારીખોમાં જો કોઈ જિલ્લા દ્વારા સ્થાનિક રજા આપેલ હોય તો રજા રદ કરી સમયપત્રક અનુસાર પરીક્ષા લેવાની રહેશે.

8) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા કસોટીપત્રો તૈયાર કરવામાં આવશે. જેમાં પેપરના પ્રૂફ, ભાષાશુદ્ધિની જવાબદારી જિલ્લા શિક્ષણ સમિતિ- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં શાસનાધિકારીશ્રીની રહેશે.

9) ધોરણ ૩ અને ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તરો લખવાના રહેશે. ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્તરો અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

10) સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ વિષયમાં નકશા અને ગણિત વિષયમાં આલેખપત્રની જરૂરી વ્યવસ્થા જિલ્લાતંત્રએ / કોર્પોરેશને કસોટીપત્રોની સાથે જ કરવાની રહેશે.

11) સત્રાંત કસોટી અંતર્ગત ઉત્તરવહીઓની ચકાસણી શાળા કક્ષાએ જ કરાવવાની રહેશે.

12) કસોટીના પરિણામની ઓનલાઈન ડેટાએન્ટ્રી અંગે વિગતવાર સૂચના સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, ગાંધીનગર દ્વારા અલગથી આપવામાં આવશે અને તે અનુસાર સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

13) તારીખ ૦૩-૦૪-૨૦૨૩ થી દ્વિતીય સત્રાંત કસોટી શરૂ થઈ રહેલ હોઈ, તા. ૦૧-૦૪-૨૦૨૩ નું સામયિક મૂલ્યાંકન યોજવામાં આવનાર નથી. જે તમામ આચાર્યશ્રી/મુખ્યશિક્ષકશ્રીઓએ ધ્યાને લેવાનું રહેશે.

14) સંદર્ભપત્ર-૨ અન્વયે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યની નોંધાયેલી દરેક સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ તારીખ ૨૧/૦૯/૨૦૧૯ના જાહેરનામા ક્ર:GH/SH/83/PRE/122019નો અમલ ફરજીયાત રીતે કરવાનો રહેશે અને તે મુજબ ધોરણ-

૫ અને ધોરણ-૮ના બાળકોની પરીક્ષાના અંતે ઉપલા ધોરણમાં લઇ જવા અંગે કાર્યવાહી કરવાની રહેશે, જેનું દરેક શાળાએ ચુસ્ત પાલન કરવાનું રહેશે.

15) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના પ્રવર્તમાન માળખા મુજબ ધોરણ ૫ અને ધોરણ ૮ માં E ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને બે માસના સમયગાળામાં ઉપચારાત્મક શિક્ષણ કર્યા બાદ શાળા કક્ષાએ પુન:કસોટી યોજવાની રહેશે. પુન:કસોટીમાં જે વિદ્યાર્થીઓ પોતાના ગ્રેડમાં અપેક્ષિત સુધારો કરી શકે તો વર્ગબઢતી આપવાની રહેશે. ધોરણ ૫ અને ૮ સિવાયના અન્ય કોઈ ધોરણમાં વિદ્યાર્થીને રોકી રાખી શકાશે નહિ.

16) દ્વિતીય સત્રાંત પરીક્ષાના સુચારુ અમલીકરણ માટે પરીક્ષા દરમિયાન તેમજ ઉત્તરવહી ચકાસણી દરમિયાન મોનીટરિંગ સ્ટાફ (CRC-BRC કો-ઓર્ડીનેટર, BRP, કેળવણી નિરીક્ષક, TPEO, DIET વ્યાખ્યાતા, SSA જિલ્લા કો-ઓર્ડિનેટર વગેરે) દ્વારા સઘન મોનીટરિંગ કરાવવાનું રહેશે.

GCERT ની તા. ૧૬/૦૨/૨૦૨૩ ની સીંગલ ફાઇલ પર શિક્ષણ વિભાગની મળેલ મંજુરી અન્વયે સદર સૂચનાઓ પ્રસારિત કરેલ છે.

(ડી.એસ.પટેલ)
નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

(ડો. એમ.આઈ.જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

બિડાણ: (૧) પરિશિષ્ટ-અ (ધોરણ ૩ થી ૮ દ્વિતીય સત્રાંત પરીક્ષા સમયપત્રક: ૨૦૨૨-૨૩)
(૨) સંદર્ભપત્ર-૨ની નકલ

નકલ સવિનય રવાના:

- અંગત સચિવશ્રી , માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક ૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

# પરિશિષ્ટ - અ

## દ્વિતીયસત્રાંત પરીક્ષા - ૨૦૨૨-૨૩ (ધોરણ- ૩ થી ૮) સમયપત્રક

| ક્રમ | તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૩/૦૪/૨૦૨૩ | સોમવાર | ૩ થી ૫ | ગણિત | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૨ | ૦૫/૦૪/૨૦૨૩ | બુધવાર | ૩ થી ૫ | ગુજરાતી(પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૩ | ૦૬/૦૪/૨૦૨૩ | ગુરૂવાર | ૩ થી ૫ | પર્યાવરણ | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૪ | ૦૮/૦૪/૨૦૨૩ | શનિવાર | ૩ થી ૫<br>૪ થી ૫ | હિન્દી (પ્રથમભાષા)<br>હિન્દી (દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૫ | ૧૦/૦૪/૨૦૨૩ | સોમવાર | ૩ થી ૫<br>૪ થી ૫ | અંગ્રેજી (પ્રથમભાષા)<br>અંગ્રેજી (દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૬ | ૧૧/૦૪/૨૦૨૩ | મંગળવાર | ૩ થી ૫ | પ્રથમભાષા (મરાઠી/ઉડિયા/<br>તેલુગુ/તમિલ/ઉર્દૂ) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૭ | ૧૨/૦૪/૨૦૨૩ | બુધવાર | ૬ થી ૮ | ગુજરાતી(પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૮ | ૧૩/૦૪/૨૦૨૩ | ગુરૂવાર | ૬ થી ૮ | વિજ્ઞાન | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૯ | ૧૫/૦૪/૨૦૨૩ | શનિવાર | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૦ | ૧૭/૦૪/૨૦૨૩ | સોમવાર | ૬ થી ૮ | ગણિત | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૧ | ૧૮/૦૪/૨૦૨૩ | મંગળવાર | ૬ થી ૮ | હિન્દી (પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૨ | ૧૯/૦૪/૨૦૨૩ | બુધવાર | ૬ થી ૮ | અંગ્રેજી (પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૩ | ૨૦/૦૪/૨૦૨૩ | ગુરૂવાર | ૬ થી ૮ | સંસ્કૃત | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૪ | ૨૧/૦૪/૨૦૨૩ | શુક્રવાર | ૬ થી ૮ | પ્રથમભાષા (મરાઠી/ઉડિયા/<br>તેલુગુ/તમિલ/ઉર્દૂ) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |